# ‘અનહોની કો હોની કર દે ધોની’ એ વાત હવે CSK માટે ભૂતકાળ

**મહેન્દ્ર સિંહ ધોની એક સમયે બોલરો માટે દુ:સ્વપ્ન હતો, તેની સાથે ટીમની હાર લગભગ અશક્ય માનવામાં આવતી હતી. જોકે, હવે એવું નથી રહ્યું, છેલ્લી કેટલીક IPL સિઝનમાં તેનું પ્રદર્શન ઉતરતું રહ્યું છે. જો આપણે આંકડાઓ પર નજર કરીએ તો, તે ટીમની જીત કરતાં વધુ હારનું કારણ બની રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.**

ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) એ IPL 2025માં રન ચેઝ કરતી વખતે સતત બીજી મેચ હારી ગઈ હતી. 30 માર્ચના રવિવારે રાજસ્થાન રોયલ્સ સામે CSKને 6 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ દરમિયાન, ટીમના માજી કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના બેટિંગ ઓર્ડર પર પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ધોની વિશ્વના શ્રેષ્ઠ ફિનિશર તરીકે પ્રખ્યાત રહ્યો છે. તે નીચલા ક્રમે પોતાની વિસ્ફોટક બેટિંગ માટે પ્રસિદ્ધ છે. લક્ષ્યાંકનો પીછો કરતી વખતે પણ તેની કુશળતા ઉત્તમ રહી છે. જોકે, તે હવે IPLમાં સતત ઘણા નીચલા ક્રમે બેટિંગ કરવા આવી રહ્યો છે. રવિવારની મેચમાં પણ ધોની સાતમા નંબરે બેટિંગ કરવા આવ્યો હતો અને 11 બોલમાં 16 રન બનાવીને આઉટ થયો હતો. તે પછી સોશિયલ મીડિયા પર ધોનીને લગતી ઘણી મીમ્સ વાયરલ બની હતી.

હવે ટીમના કોચ સ્ટીફન ફ્લેમિંગે ખુલાસો કર્યો છે કે મહેન્દ્ર સિંહ ધોની ઘૂંટણની સમસ્યાને કારણે ૧૦ ઓવર સુધી સંપૂર્ણ તાકાતથી બેટિંગ કરી શકતો નથી અને ભૂતપૂર્વ કેપ્ટન મેચની પરિસ્થિતિના આધારે પોતાનો બેટિંગ ક્રમ નક્કી કરે છે. RCB સામેની મેચ દરમિયાન તે રન લેતા દોડતી વખતે થાકેલો લાગતો હતો અને પોતાની જે ઉર્જા માટે ધોની જાણીતો છે તે હવે દેખાતી નથી. હા વિકેટકીપીંગ કરતી વખતે હજું પણ તે વિજળી વેગે સ્ટમ્પીંગ કરી દે છે અને તેની બેટ્સમેનને ખબરેય પડતી નથી. પણ બેટિંગમાં તેની ઉર્જા ઘટેલી લાગે છે. હવે તેના રિફ્લેક્સિસ પણ નબળા પડ્યા હોવાનું લાગે છે. બોલને યોગ્ય ટાઈમીંગ કરવામાં તે થાપ ખાઈ રહ્યો છે એ તેની બેટિંગમાં દેખાઈ રહ્યું છે. રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં પોતાની ઈનિંગ દરમિયાન ધોનીએ એક ચોગ્ગો અને એક છગ્ગો પણ



ફટકાર્યો હતો. ફરી એકવાર, ધોનીના બેટિંગ ક્રમમાં આટલા નીચે જવાથી CSK ને કોઈ ફાયદો થયો નહીં. અગાઉ, 28 માર્ચે ચેપોક ખાતે, CSKને RCB સામે 17 વર્ષ પછી ઘરઆંગણે હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં ટીમ 197 રનનો પીછો કરી રહી હતી. આ વખતે ધોની નવમા નંબરે બેટિંગ કરવા આવ્યો અને તેણે મેચની છેલ્લી ઓવરમાં બે છગ્ગા પણ ફટકાર્યા હતા. ધોની 16 બોલમાં 30 રન બનાવીને નોટઆઉટ રહ્યો, પરંતુ તેની ઈનિંગ છતાં, સીએસકેને 50 રનના મોટા માર્જીનથી મોટી હારનો સામનો કરવો પડ્યો હતો.

એક સમય હતો જ્યારે ધોની CSKનો કેપ્ટન હતો, તેથી ટીમની જરૂરિયાત મુજબ, તે ક્યારેક નંબર ત્રણ પર અને ક્યારેક નંબર ચાર પર બેટિંગ કરવા આવતો હતો. સામાન્ય રીતે ધોની ફિનિશરની ભૂમિકામાં જોવા મળતો હતો, પરંતુ વધતી ઉંમર સાથે નેતૃત્વ અને બેટિંગ બંનેમાં તેની ભૂમિકા બદલાઈ ગઈ છે. જો આપણે 2023થી અત્યાર સુધીના ધોનીના આંકડા પર નજર કરીએ તો, તે બેટિંગ ક્રમમાં ખૂબ નીચે આવી રહ્યો છે, જેના કારણે ટીમને કોઈ ફાયદો થઈ રહ્યો નથી. ખાસ કરીને જ્યારે ટીમ લક્ષ્યનો પીછો કરી રહી હોય, ત્યારે તેનું સાવ નીચલા ક્રમે બેટિંગમાં આવવું ટીમ માટે સ્હેજ પણ ઉપયોગી સાબિત નથી થઈ રહ્યું.

**ટુ ધ પોઈન્ટ**

એક આંકડા મુજબ, 2023થી અત્યાર સુધી રમાયેલી જેટલી પણ મેચોમાં, CSKએ રનનો પીછો કરતી વખતે જીત મેળવી છે, તેમાં ધોનીની બેટિંગનું યોગદાન નહિવત્ રહ્યું છે. આ સમયગાળામાં રન ચેઝ દરમિયાન CSK દ્વારા જીતવામાં આવેલી ત્રણ મેચમાં ધોનીનું યોગદાન ફક્ત ત્રણ રનનું છે. આ મેચોમાં ધોનીએ ત્રણ ઈનિંગ્સમાં નવ બોલનો સામનો કરીને ફક્ત ત્રણ રન બનાવ્યા છે. IPL 2025ની પહેલી મેચ CSK અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાઈ હતી. ટીમે આ મેચ પાંચ બોલ બાકી રાખીને ચાર વિકેટે જીતી લીધી. આ મેચમાં ધોની આઠમા નંબરે બેટિંગ કરવા આવ્યો અને બે બોલ રમ્યો. ધોનીનો સ્કોર શૂન્ય હતો.

૨૦૨૩થી રનનો પીછો કરતી વખતે CSK જેટલી પણ મેચ હારી છે, તેમાં ધોનીએ છ ઈનિંગ્સમાં 84 બોલમાં 166 રન બનાવ્યા છે. ધોનીની બેટમાંથી 13 ચોગ્ગા અને 13 છગ્ગા પણ નીકળ્યા છે. આ આંકડા દર્શાવે છે કે ધોનીની બેટિંગ કુશળતા અને સ્ટ્રાઈક રેટમાં ઘટાડો થયો નથી, પરંતુ તેની નીચલા ક્રમની ઈનિંગ્સ CSK માટે પૂરતા રહેતી નથી અને તેથી હવે એવું કહી શકાય છે કે વર્ષોથી જે બોલાતું આવ્યું છે કે ‘અનહોની કો હોની કર દે ધોની’ એ વાત CSK માટે હવે એક ભૂતકાળ બનીને રહી ગઇ છે.



# ઉત્તર પ્રદેશ દ્વારા અવગણના પછી IPLમાં મળેલી તકમાં ઝીશાન અન્સારીએ છાપ છોડી

ઝીશાન અંસારી 2016માં 16 વર્ષની ઉંમરે ભારતીય અંડર-19 વર્લ્ડકપ ટીમના સૌથી નાનો સભ્ય હતો, એ ટીમના ઘણા સભ્યોમાંથી કેટલાકે તે પછી ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જેમાં ઋષભ પંત, ઈશાન કિશન, વોશિંગ્ટન સુંદર, સરફરાઝ ખાન, અવેશ ખાન અને ખલીલ અહેમદ આગલા સ્તર સુધી પહોંચવા માટે પ્રયત્નશીલ હતા, ત્યારે ઝીશાન ગુમનામીમાં ધકેલાઇ ગયો હતો. 2016 પછી તેણે ઉત્તર પ્રદેશ માટે ફક્ત પાંચ રણજી ટ્રોફી મેચ અને એક સૈયદ મુશ્તાક અલી ટ્રોફી મેચ રમી છે.

લખનૌનો હઝરતગંજનો આ લેગ-સ્પિનર એ અંડર-19 ટીમમાં આકર્ષણનું કેન્દ્ર નહોતો, જેના છ ખેલાડીઓએ પાછળથી ભારતીય સિનિયર ટીમ માટે વિવિધ ફોર્મેટમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યું હતું. વર્ષો સુધી ગુમનામી રહ્યા પછી, 25 વર્ષીય ઝીશાન



**ક્રિક ટોક**

**2016માં પંત, ઇશાન કિશન, સુંદર, સરફરાઝ, અવેશ અને ખલીલ સાથે અંડર 19 વર્લ્ડકપ રમનાર ઝીશાન ઉત્તરપ્રદેશે કરેલી અવગણનાથી ગુમનામીમાં ધકેલાયા પછી હવે છેક નવ વર્ષ પછી IPLમાં મળેલી તકનો ઉપયોગ કરી લાઇમલાઇટમાં આવી ગયો**

અન્સારીએ રવિવારે પોતાની પહેલી આઈપીએલમાં પ્રવેશ કરીને પોતાની ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદ આ મેચ હારી હોવા છતાં ફાફ ડુ પ્લેસિસ, જેક ફ્રેઝર-મેકગર્ક અને લોકેશ રાહુલ જેવા ગુણવત્તાયુક્ત બેટ્સમેનોને આઉટ કરીને ઝીશાને છાપ છોડી હતી. ઝીશાન બોલ ફ્લાઈટ કરવાથી ડરતો નથી અને તેનાથી તે સમયે અંડર-19ના માજી પસંદગીકાર અને ઉત્તર પ્રદેશના દિગ્ગજ ખેલાડી જ્ઞાનેન્દ્ર પાંડે પ્રભાવિત થયા હતા. તેને જુનિયર રાષ્ટ્રીય ટીમ માટે પસંદ કરવામાં આવ્યો હતો. 1999માં ભારત માટે બે વનડે રમનાર પાંડેએ દિલ્હી કેપિટલ્સ સામેની સનરાઈઝર્સ હૈદરાબાદની મેચ પછી કહ્યું હતું કે ઈદ પહેલા તેને ઈદી મળી ગઈ. તે ખૂબ જ મહેનતુ બોલર છે. હું એ વાતમાં પડવા માંગતો નથી કે તેણે વર્ષોથી સ્થાનિક ક્રિકેટમાં ઉત્તર પ્રદેશ માટે ઘણી મેચો કેમ રમી નથી, પરંતુ તે મેરઠ મેવેરિક્સ માટે યુપી ટી-20 લીગમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો અને તેથી જ સનરાઈઝર્સ હૈદરાબાદ સ્કાઉટ્સે તેને પસંદ કર્યો હતો હઝરતગંજના એક દરજીના પુત્ર ઝીશાને પાંચ રણજી મેચોમાં 17 વિકેટ લીધી હતી, જે શાનદાર પ્રદર્શન નથી, પરંતુ તેમ છતાં, 2020પછી કોઈપણ ફોર્મેટમાં તક ન મળવાથી પ્રશ્નો ઉભા થઈ શકે છે. ઉત્તર પ્રદેશના અન્ય એક માજી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટરે નામ ન આપવાની શરતે કહ્યું હતું કે કુલદીપ યાદવ મોટાભાગનો સમય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વ્યસ્ત રહેતો હતો, પરંતુ મને ખબર નથી કે ભારતના ભૂતપૂર્વ સ્પિનર અમારા કોચ સુનિલ જોશીને આ છોકરામાં કંઈ ખાસ કેમ ન લાગ્યું. આશા છે કે હવે તેને કંઈક ખાસ મળશે. મારું માનવું છે કે વિપરાજ નિગમ અને ઝીશાન બંને ઉત્તર પ્રદેશ માટે સાથે રમી શકે છે. ઝીશાનને 12 વર્ષની ઉંમરે લખનૌ ડેવલપમેન્ટ ઓથોરિટીમાં કાંડા સ્પિનનો પહેલો પાઠ આપનાર તેમના બાળપણના કોચ ગોપાલ સિંહે કહ્યું કે તેમના શિષ્ય માટે પરિસ્થિતિ ખૂબ જ વિચિત્ર બની ગઈ હતી.

# ઋષિત નથવાણી

## મુશ્કેલીઓનો સામનો કરનાર પેરા ટેબલ ટેનિસ સ્ટાર

**ક્રિકેટનું સ્વપ્ન ચકનાચૂર થયા પછી, પેરા ટેબલ ટેનિસમાં શાનદાર પ્રદર્શન કરીને માત્ર 21 વર્ષની ઉંમરે, ઋષિત નથવાણીએ જીવન બદલી નાખનારી ઈજાને દ્દઢતા અને વિજયની પ્રેરણાદાયી કથામાં ફેરવી દીધી છે. ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2025 માં પુરુષોની વર્ગ 5 શ્રેણીમાં તેનો ગોલ્ડ ફક્ત એક વ્યક્તિગત સીમાચિહ્નરૂપ નથી પરંતુ સમગ્ર ભારતના પેરા-એથ્લીટ્સ માટે આશાનું કિરણ છે.**

**સ્પેશિયલ કોમેન્ટ**

પેરા ટેબલ ટેનિસ ખેલાડી ઋષિત નથવાણી હંમેશા એક વ્યાવસાયિક ક્રિકેટર બનવા માંગતો હતો, પરંતુ 2017 માં એક સરળ કબડ્ડી મેચ દરમિયાન થયેલી ભયાનક ઈજાને કારણે તેને ગરદન નીચે લકવો થઈ ગયો. પરંતુ નથવાણીએ આશા ન ગુમાવી અને પોતાની રમતની સફર ચાલુ રાખવા માટે પેરા ટેબલ ટેનિસ તરફ વળ્યો અને અહીં ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ (KIPG) 2025 માં પુરુષોની ક્લાસ 5 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

ઋષિતે ઈજાને યાદ કરતાં કહ્યું હતું કે મને પીઠમાં ઈજા થવાને લીધો આંતરિક રક્તસ્ત્રાવ થયો જેના કારણે મારી નસો ફાટી ગઈ અને મારા કરોડરજ્જુને થોડું નુકસાન થયું. આનાથી હું ગરદનથી નીચે લકવાગ્રસ્ત થઈ ગયો હતો. ડોકટરો તેની રિકવરી અંગે નિરાશાવાદી હતા, અને સૂચવતા હતા કે તે કદાચ ક્યારેય પથારીમાંથી ઉઠી શકશે નહીં. પરંતુ ઋષિત અને તેના પરિવારે તે વાત સ્વીકારવાનો ઈનકાર કર્યો અને



મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં બે મહિના પુનર્વસનમાં ગાળ્યા પછી, ઋષિતએ ધીમે ધીમે તેના શરીરના ઉપરના ભાગમાં ગતિશીલતા પાછી મેળવવાનું શરૂ કર્યું. તેનું શરૂઆતનું લક્ષ્ય વ્યાવસાયિક ક્રિકેટમાં પાછા ફરવાનું હતું. પરંતુ જેમ જેમ ફિઝીયોથેરાપી આગળ વધતી ગઈ, તેમ તેમ તેને સમજાયું કે તે હવે આ માર્ગ પર આગળ વધી શકશે નહીં અને તેણે બીજી રમત પસંદ કરવી પડશે. ઋષિતે કહ્યું હતું કે ઈજા પછી મારું પહેલું ધ્યેય સંપૂર્ણપણે સ્વસ્થ થઈને વ્યાવસાયિક ક્રિકેટમાં પાછા ફરવાનો હતો. મેં બે વર્ષ સુધી ફિઝીયોથેરાપી કરી અને ઘણી હદ સુધી સુધારો થયો, પરંતુ મારા પગમાં કોઈ સુધારો થયો નહીં.

પેરા ટેબલ ટેનિસ તેના જીવનમાં આકસ્મિક રીતે આવ્યો. તેની માતા સાથે એક પ્રવાસ દરમિયાન તે તેના પહેલા કોચ અશોક પાલને મળ્યો, જે એક નાની દુકાનમાં પેરા ટેબલ ટેનિસ શીખવતા હતા. પાલે તેની ક્ષમતાઓમાં વિશ્વાસ દર્શાવ્યો અને ઋષિતએ તેમની સાથે તાલીમ શરૂ કરી. ઋષિતે કહ્યું હતું કે તેમણે મને કહ્યું કે જો હું રમીશ, તો હું રાષ્ટ્રીય સ્તરે જીતી શકીશ. જ્યારે તે 19 વર્ષનો હતો, ત્યારે તેણે 2021માં તેની પ્રથમ રાષ્ટ્રીય સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો જેણે ભવિષ્યની સફળતાનો પાયો નાખ્યો. ઋષિત હવે પોતાનું વિશ્વ રેન્કિંગ સુધારવા અને પછી 2028 લોસ એન્જલસ પેરાલિમ્પિક્સ માટે ક્વોલિફાય થવાનું લક્ષ્ય રાખે છે. પરંતુ તે સમજે છે કે આ યાત્રા માટે સમર્પણની જરૂર છે, તે પોતાનું રેન્કિંગ જાળવી રાખવા અને સુધારવા માટે દર વર્ષે ઓછામાં ઓછી છ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લેવાની યોજના ધરાવે છે. ઋષિતની સફળતા પાછળ તેમના પરિવારનો, ખાસ કરીને તેની માતા વિધિનો અતૂટ ટેકો છે. તેની માતાએ કહ્યું હતું કે જ્યારે ઋષિત ઘાયલ થયો, ત્યારે ડોક્ટરોએ અમને કહ્યું કે તેણે રમત છોડી દેવા વિશે વિચારવું જોઈએ કારણ કે તે પથારીમાંથી ઉઠી પણ શકશે નહીં. ઋષિત અને તેની માતા બંનેએ પેરા સ્પોર્ટ્સ વિશે જાગૃતિ ફેલાવવાની હિમાયત કરી. ઋષિતે કહ્યું હતું કે ઘણા પેરા એથ્લેટ્સને ખબર નથી હોતી કે તેઓ કઈ રમતો રમી શકે છે. જ્યારે તેઓ ટીવી પર આ રમતો જુએ છે, ત્યારે તેમને ખ્યાલ આવશે કે તેઓ પણ તેમાં ભાગ લઈ શકે છે અને સારું પ્રદર્શન કરી શકે છે.

# વંદના કટારિયા

## રૂઢિચુસ્ત માનસિકતા અને જાતિવાદ સામે લડીને ઊભરેલી મહિલા હોકી ખેલાડી

**માત્ર હોકીના મેદાનમાં હરીફો સામે જ નહીં પણ સમાજની રૂઢિચુસ્ત માનસિકતાના પડકારોનો પણ સારી રીતે સામનો કરીને પોતાના ગામની છોકરીઓને હોકી રમતી કરનારી વંદના કટારિયાએ ઓલિમ્પિક્સ મેડલ ન જીતી શકવાના કાયમી વસવસા સાથે હોકીને અલવિદા કહ્યું**

**સ્પેશિયલ રિપોર્ટ**

ભારતીય હોકી ખેલાડી વંદના કટારિયા માટે સમાજની રૂઢિચુસ્ત માનસિકતા અને જાતિવાદ સામે લડવું ક્યારેય સરળ નહોતું, પરંતુ તેના સ્વર્ગસ્થ પિતાના સમર્થનથી, તે ભારતની શ્રેષ્ઠ મહિલા હોકી ખેલાડીઓમાંની એક બની અને તેના ગામની છોકરીઓને આ રમતમાં જોડાવા માટે પ્રેરણા આપવામાં પણ સફળ રહી. 32 વર્ષીય અનુભવી સ્ટ્રાઈકર 320 આંતરરાષ્ટ્રીય મેચોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને 158 ગોલ કર્યા છે. તે 2020 ટોક્યો ઓલિમ્પિકમાં ઐતિહાસિક ચોથા સ્થાને રહેલી ભારતીય ટીમનો પણ ભાગ હતી. ભારતીય મહિલા હોકી ટીમ વતી સર્વાધિક મેચ રમનારી સીનિયર ફોરવર્ડ ખેલાડી વંદના કટારિયાએ મંગળવારે પોતાની 15 વર્ષની શાનદાર ઈન્ટરનેશનલ કેરિયર પર પડદો પાડીને નિવૃત્તિ જાહેર કરીને કહ્યું હતું કે ઓલિમ્પિક્સમાં મેડલ ન જીતી શકવાનો વસવસો હંમેશા રહેશે.

વંદનાને હોકીના મેદાનની બહાર પણ ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો હતો. ટોક્યો ઓલિમ્પિક્સ ગેમ્સ દરમિયાન સેમિફાઈનલમાં ભારત આર્જેન્ટિના સામે હારી ગયું તે પછી, વિજય પાલ નામના એક વ્યક્તિ અને તેના મિત્રોએ વંદનાના ઘરની બહાર હંગામો મચાવીને તેના પરિવારના સભ્યો પર ‘દલિત’ સમુદાયના હોવાના કારણે જાતિવાદી અપશબ્દોનો મારો ચલાવ્યો હતો. વંદનાએ આંતરરાષ્ટ્રીય હોકીમાંથી નિવૃત્તિની જાહેરાત કર્યા પછી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે જ્યારે મેં રોશનાબાદ (હરિદ્વાર) થી હોકી શરૂ કરી હતી, ત્યારે એક માનસિકતા હતી કે છોકરીઓ ઘરની બહાર જઈ ન શકે, તેમની કેરિયરમાં કંઈ કરી ન શકે. અમારા પડોશીઓ અને સંબંધીઓ મારા પિતાને કહેતા હતા કે તમે તેને વિદેશ કેમ મોકલી રહ્યા છો, પરંતુ તેમણે ક્યારેય તેમની વાત પર ધ્યાન આપ્યું નહીં અને મારું સમર્થન કર્યું, તેથી તેઓ મારી પ્રેરણા હતા. તે ખરેખર એક સંઘર્ષ હતો, ઘણી વાર મેં હાર માનવાનું વિચાર્યું પણ મેં હાર ન માનીને તે ટીકાકારોને જવાબ આપવામાં સફળ રહી. હવે મારા ગામના ઘણા ખેલાડીઓ હોકી રમી રહ્યા છે અને ત્યાં એક એસ્ટ્રો-ટર્ફ પણ છે. મારા પિતા હંમેશા મારી સાથે હતા, તેમણે દરેક પરિસ્થિતિનો સામનો કર્યો. તે મારો સૌથી મોટો ટેકો હતો. ટોક્યો ઓલિમ્પિક્સ પહેલા જ તેમનું અવસાન થયું અને તે મારા માટે ખરેખર મુશ્કેલ સમય હતો. વંદનાએ નિવૃત્તિ માટે કહ્યું હતું કે મારા માટે આ ખરેખર મુશ્કેલ નિર્ણય હતો પણ હું ઘણા સમયથી રમી રહી છું. મને લાગ્યું કે ઘણા જુનિયર ખેલાડીઓ આવ્યા છે અને તેમને તક આપવાનો સમય આવી ગયો છે. તેઓ સારું કરી રહ્યા હતા. હું હજુ પણ ફિટ છું, મારી ફિટનેસમાં કોઈ સમસ્યા નથી પણ મને તબિયત સારી નહોતી લાગતી, તેથી મેં આ નિર્ણય લીધો. વંદનાએ 2009માં ડેબ્યૂ કર્યા પછી ભારતની ઘણી સફળતાઓમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તે દક્ષિણ આફ્રિકા સામે ટોક્યો ઓલિમ્પિકમાં હેટ્રિક ફટકારનાર પ્રથમ અને એકમાત્ર ભારતીય મહિલા બની હતી.

વંદનાએ કહ્યું કે તે શરૂઆતમાં ખો-ખો ખેલાડી હતી પરંતુ તેની બહેનોએ તેને હોકી રમવા માટે પ્રોત્સાહિત કરી હતી. તેણે કહ્યું હતું કે હું ખો-ખો રમતી હતી, ફૂટબોલ અને એથ્લેટિક્સ પણ રમતી હતી, પણ મારી મુખ્ય રમત ખો-ખો હતી. મારી બહેનો રીના કટારિયા અને અંજલી કટારિયા હોકી રમતી હતી, તો એક દિવસ મેં તેમની હોકી ઉપાડીને રમવાનું શરૂ કર્યું. કેટલાક અનુભવી ખેલાડીઓએ મને જોઈને કહ્યું કે તું હોકી સારી રમે છે, તેને ચાલુ રાખ. જો તમને તમારા પરિવાર, ટીમના સાથીઓ અને સપોર્ટ સ્ટાફનો ટેકો હોય, તો તમે ઉતાર-ચઢાવ છતાં કંઈપણ પ્રાપ્ત કરી શકો છો.

